# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ, જેમાં વિધાનસભાના આગામી અંદાજપત્ર સત્રને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ અપાયો. ઉપરાંત વર્ષ 2026–27ના રાજ્યના અંદાજપત્રની રૂપરેખા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બેઠકમાં રવિ પાકની સિઝનમાં ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા પારદર્શક , ખેડૂતોને સમયસર ચુકવણી થાય તે અંગે વિભાગોને મુખ્યમંત્રીએ સૂચના આપી. દરમિયાન શ્રી પટેલે ભવનાથ મેળા માટે સુરક્ષા, આરોગ્ય, ટ્રાફિક વ્યવસ્થા, પીવાનું પાણી અને સ્વચ્છતા અંગે વિશેષ આયોજન કરવા પણ સૂચના આપી.

. . . . . . . . . . . . .

# DEVNI MORI RELICS

ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોને આજે શ્રીલંકા લઈ જવાઇ રહ્યા છે. જ્યાં એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં આ અવશેષો મુકાશે. ત્યારે નવી દિલ્લી ખાતે હાલ મંત્રોચ્ચાર સાથે અવશેષો લઈ જવાની તૈયારીઓ ચાલી રહી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ભગવાન બુદ્ધના આ સૌથી જૂના અવશેષો છે. આ માત્ર રાજદ્વારી પ્રવાસ નથી પણ ભક્તિમાં મૂળ ધરાવતો પ્રવાસ પણ છે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# AMC BUDGET

અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ 2026-27 નું 17 હજાર કરોડ રૂપિયાનું મુસદ્દા અંદાજપત્ર આજે રજૂ કરાયું. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ રજૂ કરેલા આ અંદાજપત્રમાં નહેરુનગરથી શિવરંજની ઇસ્કોન બ્રિજ સુધી એલિવેટેડ કોરિડોર બનાવવા એક હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરમાં 211 કરોડ રૂપિયાના ખર્ચે નવા 6 રમતગમત સંકૂલ , 5 નાના રમતગમત સંકૂલ બનાવવામાં આવશે. 35 રમતગમતના મેદાન , 3 સ્વિમિંગ પૂલ તેમજ નવા પાંચ જિમ માટે 100 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. 225 કરોડ રૂપિયાના ખર્ચે મેમ્કો જંક્શન , કઠવાડા સિલ્વર સ્ટાર જંક્શનનું નવીનીકરણ કરાશે.

. . . . . . . . . . . . .

# NIPER CONFERENCE

રાષ્ટ્રીય ઔષધીય શિક્ષણ અને સંશોધન સંસ્થા- NIPER અમદાવાદ દ્વારા "ભવિષ્ય ઉપચાર માટે કુદરતી ઉત્પાદનો" પર 5મી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાયું છે. 6 ફેબ્રુઆરી સુધી યોજાનારી આ પરિષદમાં ઔષધીય ક્ષેત્રના નિષ્ણાતોએ હાજર રહ્યા. તેમણે સમજાવ્યું હતું કે કુદરતી ઉત્પાદનોમાંથી આધુનિક દવાઓનો વિકાસ શક્ય છે. આ અંગે સંસ્થાના નિયામક પ્રો. શૈલેન્દ્ર સરાફે વધુ માહિતી આપી.

(બાઇટ : પ્રો. શૈલેન્દ્ર સરાફ, નિયામક)

. . . . . . . . . . . . .

# CM CANCER DAY

આજે વિશ્વ કેન્સર દિવસ છે. ત્યારે રાજ્ય સરકાર કેન્સર જેવી ગંભીર બીમારીઓ સામે લડવા માટે નાગરિકોને આયુષ્માન કાર્ડના માધ્યમથી મોટુ કવચ પૂરું પાડી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન રાજ્યમાં આયુષમાન ભારત યોજના હેઠળ નોંધાયેલા કુલ 13 લાખ 34 હજાર 602 દાવામાંથી 27.92 ટકા એટલે કે ત્રણ લાખ 72 હજાર 575 દાવા માત્ર ઓન્કોલોજી-કેન્સર સારવાર માટેના છે. આયુષ્માન કાર્ડ હેઠળ દર્દીઓને સર્જરી , રેડિયોથેરાપી અને કીમોથેરાપી જેવી મહત્વની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# GSSSB

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગ્રુપ A અને ગ્રુપ B ની પાંચ હજારથી વધુ જગ્યાઓ પર ભરતી બહાર પાડવામાં આવી છે. જેમાં સમાજ કલ્યાણ નિરીક્ષક, કાર્યલાયક અધિક્ષક, કલેકટર કચેરી ક્લાર્ક, હેડ કલાર્ક, સિનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્કની જગ્યાઓ માટે ભરતી બહાર પડી છે. ઉમેદવારો 5 થી 20મી ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

. . . . . . . . . . . . .

# DAMAN FLYING COURSE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય તટરક્ષક દ્વારા ત્રણ મુખ્ય ઉડ્ડયન તાલીમ અભ્યાસક્રમો- ડોર્નિયર ઓપરેશનલ ફ્લાઇંગ ટ્રેનિંગ, ડોર્નિયર કન્વર્ઝન અને ઓપરેશનલ ફ્લાઇંગ ટ્રેનિંગ અને ચેતક ઓપરેશનલ કન્વર્ઝન કોર્સની ઔપચારિક શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગને ઉજવવા માટે પરંપરાગત ધાર્મિક વિધિઓ સાથે આંતરધાર્મિક પ્રાર્થના યોજવામાં આવી હતી, જેમાં વિવિધ તાલીમ સંસ્થાઓના તાલીમાર્થી પાઇલટ્સે હાજરી આપી હતી. આ આંતરધાર્મિક પ્રાર્થના લશ્કરી ઉડ્ડયનમાં એક પ્રાચીન પરંપરા માનવામાં આવે છે, જે એકતા, શિસ્ત અને આધ્યાત્મિક મૂલ્યોને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . .